વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય

મુંબઈ,તા. ૨

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર અને ઉદ્યોગજગતમાં રાહ જોવામાં આવી રહી છે છે તે બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નિતી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રઘુરામ રાજને વ્યાજદરોને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો.રાજને રેપો રેટને યથાવત આઠ ટકા, રિવર્સ રેપો રેટને યથાવત સાત ટકા અને કેશ રિઝર્વ રેશિયોને યથાવત ચાર ટકા રાખવાનો નિર્ણય કર્યો હતો જેથી લોન સસ્તી થશે તેની રાહ જોઈ રહેલા લોકોની આશા પર પાણી ફરી વળ્યું હતુ. જો કે રાજને સંકેત આપ્યો હતો કે જો નાણાંકીય ઘટનાક્રમમાં વર્તમાન પ્રવાહ જારી રહેશે તો પોલીસી રેટમાં આગામી વર્ષની શરૂઆતમાં ઘટાડો કરવામાં આવશે.રાજને વર્તમાન નાણાંકીય વર્ષ માટે ગ્રોથ ટાર્ગેટને પણ યથાવત ૫.૫ ટકા રાખવાનો નિર્ણય કર્યો હતો. રાજને કહ્યુ હતું કે ઈન્ફ્રાસ્ટકચર અડચણોને દુર કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાથી વિકાસની ગતિ ઝડપી બની રહી છે. રાજને સતત પાંચમી વખત વ્યાજદરને આઠ ટકાના દરે યથાવત રાખ્યા હતા. કેશ રિઝર્વ રેશિયો અને એસએલઆરમાં પણ કોઈ ફેરફાર કર્યા ન હતા. પોલીસી જાહેરાત બાદ રાજને પત્રકાર પરિષદ યોજી હતી. રાજને શેરબજાર અને ઉદ્યોગ જગતની માંગ વચ્ચે કહ્યું હતુંકે વર્તમાન સમયમાં નાણાંકીય નિતીમાં કોઈ ફેરફાર કરવાની બાબત યોગ્ય નથી. નીતિ સમીક્ષામાં પોલીસી રેટ અથવા તો વ્યાજદરને યથાવત રાખવામાં આવે તેવા સંકેત પહેલાથી જ દેખાઈ રહ્યા હતા. વર્તમાન નાણાંકીય વર્ષમાં બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ઘટીને ૫.૩ ટકા થઈ ગયો છે. આની સાથે સાથે ફુગાવો પણ છેલ્લા કેટલાક વર્ષમાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો છે જેથી રેટમાં કાપ માટેનું ચિત્ર હતુ પરંતુ રાજને અન્ય ગણતરી કરીને હાલમાં વ્યાજદરને યથાવત રાખ્યા છે. કૃષિ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આંકડો નબળો રહ્યો છે. બીજા ત્રિમાસિક ગાળામાં દેશનો આર્થિક વિકાસદર ૫.૩ ટકા રહ્યો છે જે આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એપ્રિલ-જૂનના મહિનામાં ૫.૭ ટકા હતો. આવી જ રીતે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ઓક્ટોબર મહિનામાં પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. એટલે કે આ ફુગાવો ૧.૭૭ ટકા થયો છે. જ્યારે રિટેલ ફુગાવો જે સીપીઆઈ આધારિત છે તે ઓક્ટોબરના અંતે ૫.૫૨ ટકા થયો છે. નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા રાજને કહ્યું હતું કે માર્ચ ૨૦૧૫ના અંત સુધી રીટેલ ફુગાવો છ ટકાની આસપાસ રહી શકે છે. નવેમ્બરમાં રીટેલ ફુગાવો ઘટશે પરંતુ ડિસેમ્બરમાં ફરી વધારો થઈ શકે છે.

પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ફરી વખત વધારો કરાયો

નવી દિલ્હી,તા. ૨

પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં સરકારે આજે વધારો ઝીંકી દીધો હતો. પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં ક્રમશઃ લિટર દીઠ ૨.૨૫ અને એક રૂપિયા સુધીનો વધારો ઝીંકી દેવાયા બાદ ગ્રાહકોને કોઈ તકલીફ થશે નહીં. ગ્રાહકો ઉપર આની કોઈ અસર થશે નહીં તેવી જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. છૂટક કિંમતો ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં વધારાની કોઈ અસર દેખાશે નહીં. આ હિલચાલ એવા સમયે આવી છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. આનાથી સરકારી મહેસુલી આવકમાં વધારો થશે. સાથે સાથે મહેસુલી ખાધને કાબુમાં લેવામાં સફળતા મળશે. પેટ્રોલ અને ડીઝલ ઉપર સુધારવામાં આવેલી એક્સાઈઝ ડ્યુટી તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવી છે. પેટ્રોલ અને ડિઝલની છૂટક કિંમત યથાવત રહેશે. ૩ સપ્તાહની અંદર એક્સાઈઝ ડ્યુટીમાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે.૧૨મી નવેમ્બરના દિવસે સરકારે પેટ્રોલ અને ડીઝલ બન્ને ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં લિટર દીઠ ૧.૫૦ સુધીનો વધારો કર્યો હતો પરંતુ છૂટક કિંમતો ઉપર તે વખતે પણ કોઈ અસર થઈ નહતી. ક્રૂડની કિંમતોમાં ઘટાડો થયા બાદ ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ ગઈ કાલે જ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય ઘટાડો કર્યો હતો. એકબાજુ પેટ્રોલમાં લિટર દીઠ ૯૧ પૈસાનો ઘટાડો કરાયો હતો. જ્યારે બીજીબાજુ ડિઝલની કિંમતમાં લિટર દીઠ ૮૪ પૈસાનો વધારો વેઈટ અને સેલટેક્સ સિવાય કરાયો હતો. ડીઝલમાં સતત ત્રીજી વખત અને ઓગસ્ટ બાદ પેટ્રોલની કિંમતમાં સાતમી વખત ઘટાડો કરાયો હતો.

પાકિસ્તાનનો ૭૮૦૦૦ સ્કેવર કિમી ઉપર કબજો

નવી દિલ્હી,તા. ૨

લોકસભામાં આજે માહિતી આપવામાં આવી હતી કે, પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં ૧૯૪૮ બાદથી ૭૮૦૦૦ સ્ક્વેર કિલોમીટર વિસ્તાર ઉપર ગેરકાયદે કબજો ધરાવે છે. ગૃહ રાજ્યમંત્રી કિરેન રિજ્જુએ માહિતી આપતા કહ્યું હતું કે, કહેવાતા ચીન-પાકિસ્તાન સરહદી કરાર ૧૯૬૩ હેઠળ પાકિસ્તાન પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ૫૧૮૦ સ્ક્વેર કિમીની જમીન ગેરકાયદે ધરાવે છે. રિજ્જુએ કહ્યું હતું કે, ભારત અને ચીનની સરહદના સંદર્ભમાં વાસ્તવિક અંકુશ રેખાને લઈને ગણતરી કરાઈ નથી. ભારત અને ચીન વચ્ચે સરહદી વિસ્તારમાં વાસ્તવિક અંકુશ રેખાની ફેર ગણતરી થઈ નથી. પ્રધાને કહ્યું હતું કે, બાંગ્લાદેશ, મ્યાનમાર અને ભૂટાન કોઈપણ ગેરકાયદે કબજો ધરાવતા નથી. તેમણે કહ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશ સરહદના કેસમાં એવી સ્થિતિ છે કે, પરંપરાગત રીતે વાતચીત ચાલી રહી છે. સરકાર તમામ જરૂરી પગલા લઈને ભારતની સુરક્ષા અને પ્રાદેશિક અખંડતાને જાળવી રાખવા કટિબદ્ધ છે.

નિરંજન જ્યોતિના નિવેદન મામલે ભારે હોબાળો : રાજીનામાની માંગ

સંસદમાં બન્ને ગૃહોમાં જોરદાર હોબાળો થતાં ભાજપ મુશ્કેલીમાં

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય પ્રધાન નિરંજન જ્યોતિએ તેમના વાંધાજનક સુચન બાદ હોબાળો થયા બાદ આખરે માફી માંગી લીધી હતી અને દુઃખ પણ વ્યક્ત કર્યુ હતું પરંતુ વિરોધપક્ષો રાજીનામા મુદ્દે મક્કમ રહ્યા હતા. બીજીબાજુ ભાજપે પ્રધાનના નિવેદન સામે બચાવના પ્રયાસો કર્યા હતા. સંસદમાં માફી માંગી લીધા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને તેમના રાજીનામા માટેની વિપક્ષની માંગણી અંગે કોઈ જવાબ આપ્યો નહતો અને કહ્યું હતું કે તેમના સૂચન બદલ તેઓ માફી માંગી ચુક્યા છે આ મુદ્દે વધુ નિવેદન કરશે નહીં. આનાથી વિશેષ તેઓ કોઈ વાત કરી શકે નહીં. દિલ્હીમાં એક ચુંટણી રેલીને સંબોધતા નિરંજન જ્યોતિએ કહ્યું હતું કે, દિલ્હીના લોકોએ તેઓ રામજાદોની સરકાર ઈચ્છે છે કે ગેરકાયદેસર લોકોની સરકાર ઈચ્છે છે. રામજાદો એટલે ભગવાન રામના સમર્થકોનો ઉલ્લેખ છે.નિરંજન

જ્યોતિએ તો અહીં સુધી કહ્યું હતું કે, મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ ભગવાન રામના બાળકો છે. પ્રધાને પોતાના નિવેદન બદલ માફી માંગી લીધી હતી અને કહ્યું હતું કે તેમની પાર્ટીને ખુલાસા કરવા પડે તેમ તેઓ ઈચ્છતા નથી. શહેરી વિકાસ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા વૈંકેયા નાયડુએ કહ્યું હતું કે, સંસદીય પ્રથાના ભાગરૂપે છે. જ્યારે કોઈ પ્રધાન મામલામાં માફી માંગે છે ત્યારે વિવાદ રહેવો જોઈએ નહીં. ભાજપના નેતાએ પ્રધાનના વિવાદાસ્પદ નિવેદનને જીભ લપસી જવા તરીકે ગણાવ્યું છે. જ્યારે અન્ય એક પ્રધાને કહ્યું હતું કે તેઓ પ્રથમ વખતના સાંસદ છે કે તેઓ પાસે આચરણ અંગે તેમની પાસે માહિતી નથી. રાજ્યસભાને આજે ત્રણ વખત મોકુફ કરવાની ફરજ પડી હતી. કારણકે વિરોધપક્ષો પ્રધાનની માફીને સ્વીકારવા તૈયાર નહતા. નાણાંપ્રધાન અરુણ જેટલીએ રાજ્યસભામાં કબુલાત કરી હતી કે, પ્રધાન દ્વારા ઉપયોગ કરવામાં આવેલા શબ્દો અયોગ્ય અને સ્વીકાર ન કરી શકાય તેવા હતા. પરંતુ વિરોધપક્ષો આનાથી સહમત થયા ન હતા. ડાબેરીઓ અને ટીએમસી દ્વારા વડાપ્રધાનની ગેરહાજરી સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેઓએ તેમના નિવેદન બદલ પ્રધાન સામે એફઆઈઆરની માંગ કરી હતી. રાજ્યસભામાં આ મુદ્દે વાત કરતા બસપના વડા માયાવતીએ કહ્યું હતું કે પ્રધાન સામે એફઆઈઆર દાખલ થવી જોઈએ. એનસીપીના નેતાએ કહ્યું હતું કે, એફઆઈઆર દાખલ થવી જોઈએ. દરમિયાન વડાપ્રધાન મોદીએ હોબાળો થયા બાદ તેમના પ્રધાનોને કોઈ વાંધાજનક ભાષાનો ઉપયોગ ન કરવા સ્પષ્ટ સૂચના આપી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, આવી વાંધાજનક ભાષાના ઉપયોગથી પાર્ટીની પ્રતિષ્ઠાને ફટકો પડે છે તેઓ આ પ્રકારની ભાષાને ચલાવી લેશે નહીં. વડાપ્રધાનની ચેતવણી એવા સમયે આવી હતી જ્યારે સંસદમાં બન્ને ગૃહોમાં હોબાળો થયો હતો અને રાજીનામાની માંગ ઉઠી હતી. પ્રધાને લોકસભા અને રાજ્યસભા બન્નેમાં માફી માંગી હતી પરંતુ સભ્યો સહમત થયા નહતા. મોદી સરકારને ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. માયાવતીએ કહ્યું હતું કે, જો પ્રધાન રાજીનામું ન આપે તો તેમની હકાલપટ્ટી કરવી જોઈએ. સપાના નેતા રામગોપાલ યાદવે કહ્યું હતું કે, પ્રધાનની હકાલપટ્ટી કરીને તાત્કાલિક પગલા લેવા જોઈએ.

લોકપ્રિય કોમેડી અભિનેતા દેવેન વર્માનું અવસાન થયું

મુંબઈ,તા.૨

જાણીતા લોકપ્રિય અભિનેતા અને કોમેડિયન દેવેન વર્માનુ હાર્ટ અટેકના કારણે આજે સવારે અવસાન થતા તેમના લાખો ચાહકો અને બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. તેઓ ૭૭ વર્ષના હતા. તેમના બપોરના ગાળામાં યરવાડામાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. ૨૩મી ઓક્ટોબર ૧૯૩૭માં પુણેમાં જન્મેલા દેવેન વર્માએ આશરે ૧૫૦થી વધુ ફિલ્મોમાં ભૂમિકા અદા કરી હતી. જેમાં ગોલમાલ, અંગુર, ખટ્ટા મિઠા, નાસ્તિક, રંગ બિરંગી, દિલ અને જુદાઈ તેમની કેરિયરની મોટી ફિલ્મો રહી હતી. દેવેન વર્માએ બેશર્મ સહિત કેટલીક ફિલ્મોનુ નિર્માણ પણ કર્યુ હતુ. ચોરી મેરા કામ, ચોર કે ઘર ચોર, અંગુર માટે દેવેન વર્મા શ્રેષ્ઠ કોમેડી અભિનેતા માટેનો ફિલ્મફેર એવોર્ડ જીતી ગયા હતા.દેવેન વર્માએ હિન્દી ફિલ્મોની સાથે સાથે મરાઠી અને ભોજપુરી ફિલ્મોમાં પણ ભૂમિકા ભજવી હતી. દેવેન વર્માએ પોતાના અભિનયમાં કેરીયરની શરૂઆત એક થિયેટર

કલાકાર તરીકે કરી હતી. વર્ષ ૧૯૬૧માં રજુ થયેલી યશચોપડાની ફિલ્મ ધર્મપુત્રમાં સહાયક અભિનેતા તરીકેની ભૂમિકા દેવેન વર્માએ અદા કરી હતી.અલબત્ત આ ફિલ્મ ફ્લોપ રહી હતી. વર્ષ ૧૯૭૫માં રજુ થયેલી ચોરી મેરા કામમાં દેવેન વર્માના અભિનયની નોંધ લેવાઈ હતી. આ ફિલ્મના કારણે ફિલ્મફેર એવોર્ડ કોમેડી કલાકાર તરીકે જીતી ગયા હતા. વર્ષ ૧૯૮૨માં રજુ થયેલી ગુલઝારની ફિલ્મ અંગુરમાં દેવેન વર્માએ બહાદુર નામના પાત્રની બેવડી ભૂમિકા અદા કરી હતી. જેને હિન્દી સિનેમાની સૌથી પસંદગીની હાસ્ય ભૂમિકાઓ પૈકીની એક તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૧૯૬૯માં યકીન ફિલ્મ સાથે દેવેન વર્મા ફિલ્મ નિર્માતા બન્યા હતા. બે વર્ષ બાદ નાદાન મારફતે નિર્દેષક પણ બન્યા હતા.

૨૦૧૪માં સામાન્ય કરતા ઓછી ઠંડી પડવાના સંકેત

નવી દિલ્હી,તા. ૨

વર્ષ ૨૦૧૪માં સામાન્ય કરતા ઓછી ઠંડી નોંધાય તેની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓક્ટોબર અને નવેમ્બરમાં તાપમાન સામાન્ય કરતા વધુ અથવા તો ઓછુ રહ્યું છે. હવામાનના જણાવ્યા મુજબ, ઉત્તરભારતના મેદાની ભાગોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ગુજરાત અને ઉત્તરમધ્ય પ્રદેશમાં આગામી ૪૮ કલાકમાં તાપમાન ઘટશે. દિલ્હીમાં દિવસનું તાપમાન ૨૮-૨૯ ડિગ્રી રહી શકે છે. હવામાન વિભાગે કહ્યુ છે કે આ વર્ષના ઓક્ટોબરમાં જે તાપમાન રહ્યા છે તે આ મહિના માટે નોંધાતા સામાન્ય તાપમાન કરતા વધારે રહ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે ઓક્ટોબર અને નવેમ્બર માટે તાપમાન સામાન્ય કરતા વધારે રહ્યું છે. હવામાનની સ્થિતી પર આધારિત નવા અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વર્ષે ઠંડી એટલી પડશે નહી જેટલી સમાન્ય રીતે નોંધાઈ છે. આ વર્ષે ઓક્ટોબર માં સૌથી વધારે ગરમી નોંધાઈ હતી. સૌથી વધારે ગરમ ઓક્ટોબર મહિનો વર્ષ ૨૦૧૦માં રહ્યો હતો. ત્યારબાદ ૨૦૦૦, ત્યારબાદ ૨૦૦૫ અને હવે ૨૦૧૪માં સૌથી વધારે ગરમ ઓક્ટોબર મહિનો રહ્યો છે. નવેમ્બર મહિનાના આંકડામાં અભ્યાસની કામગીરી ચાલી રહી છે. આઈએમડીના ડિરેક્ટર બીપી યાદવે આ મુજબની માહિતી આપી હતી. અહેવાલ મુજબ દેશભરમાં તમામ હવામાન સ્ટેશન ખાતે તાપમાન ઓક્ટોબર મહિનામાં જે રહે છે તેની સરખામણીમાં ૦.૬ ડિગ્રી વધારે રહ્યું હતુ.

નવેમ્બર મહિનામાં પણ સામાન્ય કરતા વધારે ગરમી રહી છે. અથવા તો સામાન્ય કરતા વધારે તાપમાન રહ્યુ છે. જો કે હવે ઠંડીની તીવ્રતા વધી શકે છે. તેમણે કહ્યું હતું કે તપમાનમાં ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. પ્રાદેશિક વિવિધતાના કારણે પણ તાપમાને પ્રતિકુળ અસર થઈ શકે છે.

બર્ધવાન બ્લાસ્ટ : મ્યાનમારના ત્રણ શખ્સોની અટકાયત કરાઇ

ઢાકા,તા. ૨

પશ્ચિમ બંગાળમાં બર્ધવાન બ્લાસ્ટના સંબંધમાં હવે ઢાકા ખાતે મ્યાનમારના ત્રણ નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા શખ્સો પાસેથી ૫૦૦ કિલોગ્રામ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી છે. તેમની આકરી પુછપરછ હવે હાથ ધરાઈ છે. કેટલીક નવી સફળતા મળી શકે છે. દરમિયાન ભારત અને બાંગ્લાદેશના સુરક્ષા જવાનોએ સરહદ પર કાવતરાખોરોને પકડી પાડવા માટે મોટુ ઓપરેશન હાથ ધર્યુ છે. પ્રતિબંધિત જેએમબીના ૧૦૦ ત્રાસવાદી સક્રિય થયેલા છે. તેમની સામે સકંજો મજબુત કરવામાં આવી રહ્યો છે. ઢાકા મેટ્રોપોલિટન પોલીસના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ઝડપાયેલા ત્રણેય શખ્સો રોહિગ્યા સોલિડરિટી ઓર્ગેનાઈઝેશન સાથે જોડાયેલા છે. તેમની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. જેમાં પાંચ ડિટોનેટર્સ, બે જેલ સ્થિત બોમ્બ સામગ્રી અને ૫૦૦ કિલોગ્રામ વિસ્ફોટક સામગ્રીનો સમાવેશ થાય છે. ભારત સાથે ઈન્ટેલિજન્સ વહેચણીના આધાર પર આ સફળતા મળી છે.

ઝડપાયેલા શખ્સો અગાઉ ભારત ગયા હતા કે કેમ તે અંગે હજુ સુધી કોઈ માહિતી મવી શકી નથી. ઝડપાયેલા તમામ ત્રણેય શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી એક નૂર હુસૈન ઉર્ફે રફિકુલ ઈસ્લામ, ૨૨ વર્ષીય યાસિર અરાપાત અને ૨૫ વર્ષીય ઉમા કરીમનો સમાવેશ થાય છે. રવિવારે રાત્રે ઢાકાના લાલબાગ વિસ્તારમાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

સમાચાર ઝલક

- સ્પોર્ટ ફિક્સીંગ શ્રી નિવાસન અને બોર્ડની સુપ્રીમ દ્વારા ફરી ઝાટકણી.
- તા. ૫મી ડીસેમ્બર શુક્રવારે ગુજરાત ઝોનની રાષ્ટ્રીયકૃત બેંકો હડતાળ પાડશે.
- પાકિસ્તાનની જેલમાં ભારતીય કેદીઓ નપુંસક અને ગાંડા બની ગયા છે.
- લંડનમાં માનવના મળમૂત્ર અને અનાજમાંથી ઉત્પન્ન થતા ગેસથી ચાલતી બસ સેવા શરૂ.
- અંબાજી-આબુ રોડ ઉપર લકઝરી બસ ઉપર ગોળીબાર. ડ્રાઈવર ઈજાગ્રસ્ત.
- તા.૧૬મી ડીસેમ્બર સુધીમાં પાકિસ્તાનમાં બધુ ઠપ્પ કરી દેવાશે. ઈમરાનખાનની ચીમકી.
- આજે ભગવદ્ ગીતાનો જન્મદિવસ. 'ગીતા જયંતિ' તરીકે રાષ્ટ્રભરમાં ઉજવવામાં આવ્યો.
- રક્કા શહેરમાં ત્રાસવાદીઓના કેમ્પો ઉપર અમેરીકાનો ભારે બોમ્બારો.
- કપાસના પ્રશ્ને ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.
- સોના-ચાંદી-ક્રુડ તેલના ભાવમાં કડાકો. રૂપિયો નબળો પડયો.
- ગુજરાતમાં ઓનલાઈન શોપીંગમાં વેટ લદાશે.
- વધુ એક સંત ડેરા સચ્ચા સૌદા પર હાઈકોર્ટની તવાઈ.
- હવે બગલના વાળ રંગવાની નવી ટ્રેન્ડ.
- ક્રિકેટર અને સંસદ સભ્યશ્રી મોહમ્મદ અઝહરૂદ્દીન પર ફિલ્મ બનશે.
- ફિક્સ પગારના કર્મચારીઓને રાજીનામા બાદ ફરી સેવામાં નહીં લેવાય.
- ભારતમાં ઘૂંટણ બદલવાના ૩૫ ટકા ઓપરેશનો બીન જરુરી હોવાનું તારણ.
- ગ્લોબલ વોર્મિંગમાં મુંબઈ-કલકત્તાને કુદરતી વાતાવરણથી જોખમ.

(ગુલમહોર) (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

રાધાજી બોલ્યાં કે - હું તમને દ્વારકાધીશ કહીને એટલા માટે સંબોધી રહી છું કે ગોકુળ છોડ્યા પછી તમે પ્રેમશૂન્ય થઈ ગયા. કુરુક્ષેત્રના રણમેદાનમાં તમે અર્જુનને વિરાટદર્શન કરાવ્યું અને તમે જ જગતનિયંતા છો એ બધી જ વાત સાચી. પરંતુ ખરો મહિમા પ્રેમનો છે. તમે આજે પણ ધરતી ઉપર જઈને જુઓ તો ખ્યાલ આવે કે તમારી દ્વારકાધીશવાળી છબી જોવા નહી મળે યા માંડ જોવા મળે. તમારા દરેક દેવાયલો-મંદિરોમાં તમે મારી સાથે જ સ્થાપિત થયા છો. દરેક જગ્યાએ રાધા-કૃષ્ણની જ પ્રતિમા છે અને આપણા એ પ્રેમસ્વરુપની જ પૂજા-અર્ચના થાય છે. ધર્મપ્રેમીઓ ભલે ગીતાજ્ઞાનની વાત કરતા હોય પરંતુ તેઓ જયારે પૂજા કરવા જાય ત્યારે દ્વારકાધીશના બદલે રાધા-કૃષ્ણની પ્રતિમા સમક્ષ જ આવે છે. કારણ માત્ર એટલું જ કે ધર્મપ્રેમીઓ યુદ્ધની છબીવાળા દ્વારકાધીશ પાસે નહી, પરંતુ પ્રેમની છબીવાળા કાન્હા પાસે, રાધા-કૃષ્ણ પાસે આવવાનું પસંદ કરે છે. ભલે તમે કુરુક્ષેત્રના રણમેદાનમાં અર્જુનને ગીતા-ઉપદેશ આપ્યો અને ગીતા-ગ્રંથની રચના પણ કરી. પરંતુ ગીતાના તમામ અઢાર અધ્યાયમાં મારો કોઈ નામોલ્લેખ નથી. મારું ક્યાંય નામ-નિશાન નથી, આમ છતા આજે પણ જયારે ગીતાજ્ઞાનયજ્ઞ અને ગીતા-પારાયણ થાય છે ત્યારે એના સમાપનની વેળાએ શ્રદ્ધાળુઓ - રાધે-રાધે જ બોલે છે.

સ્ટોપરઃ

પ્રેમ જોડવાનું કામ કરે છે અને યુદ્ધ તોડવાનું કામ કરે છે. જો તમે એમ કહો કે પ્રેમ છે તો તમારામાં ગુસ્સો, આવેશ-આવેગ, ધૃણા, તિરસ્કાર જેવા ગુણો નાબુદ થઈ ગયા હોવા જોઈએ. જો એમ ન બન્યું હોય તો એ પ્રેમ નથી પણ વહેમ છે.

- મોરારિ બાપુ

પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું સફળ પરીક્ષણ

બેલાસોર,તા. ૨

ભારતે આજે પરમાણુ સક્ષમ વ્યૂહાત્મક મિસાઈલ અગ્નિ-૪નું સફળ પરિક્ષણ કર્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના દરિયાકાંઠાથી આ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના ડિરેક્ટર વીકેવી પ્રસાદે માહિતી આપતા કહ્યુ હતુ કે ટેસ્ટ ફાયરિંગને સંપૂર્ણપણે સફળતા મળી છે. આ મિસાઈલની સંપૂર્ણ રેન્જ અમલી રહી હતી. સવારે ૧૦.૨૦ વાગ્યે વીલર આઈલેન્ડ ખાતે આઈટીઆરના લોન્ચ સંકુલ-૪ પરથી આ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી. આ

મિસાઈલમાં અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે. અતિઆધુનિક મિસાઈલ વજનમાં પ્રમાણમાં ઓછી છે. આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકાસના તબક્કામાં છે. અગ્નિ-૪ મિસાઈલનું ત્રીજી વખત ડેવલોપમેન્ટ ટ્રાયલ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઓરિસ્સાના દરિયાકાંઠા પર રડાર અને ઇલેક્ટ્રા ઓપ્ટિકલ સિસ્ટમને પહેલાથી જ વ્યવસ્થિત કરી દેવામાં આવી હતી. આ મિસાઇલનુ છેલ્લી વખત પરીક્ષણ આ વર્ષે ૨૦મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવ્યું હતુ. તે પહેલા આ મિસાઈલનું પરીક્ષણ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે આ જ જગ્યાએ કરવામાં આવ્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ અતિ આધુનિક છે અને તેમાં પ્રકારની સુવિધાઓ રહેલી છે તેવું જાણવા મળ્યુ છે. આ મિસાઈલની લંબાઈ ૨૦ મીટરની અને વજન ૧૭ હજાર કિલોગ્રામ જેટલું છે. જ્યારે ઓપરેશનલ રેન્જ ૪૦૦૦ કિલોમીટરની જ છે. સંપૂર્ણપણે ડિઝિટલ કન્ટ્રોલ સિસ્ટમ આમાં ગોઠવાયેલી છે. ટાર્ગેટને નક્કી કરવા માટે અને ગાઈડ કરવા માટે સાધનો ગોઠવાયેલા છે. ડીઆરડીઓના અધિકારીઓએ કહ્યુ હતુ કે આ મિસાઈલ ખૂબજ વિશ્વસનિય છે અને પરિણામલક્ષી છે. આ મિસાઈલ જમીનથી જમીનમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે આ મિસાઈલ ૧૦૦૦ કિલોગ્રામ સુધીના વજનના વિસ્ફોટકો સાથે લઈને ત્રાટકી શકે છે.ડીઆરડીઓના ડિરેકટોરેટ ઓફ પબલ્કિ ઇન્ટરપેસના ડિરેક્ટર રવિ કુમાર ગુપ્તાએ કહ્યુ હતું કે એસએફસી દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું હતુ. ભારત પાસે તેના શસ્ત્રાગારમાં અનેક ઘાતક મિસાઈલ છે. જેમાં અગ્નિ-૧, અગ્નિ-૨, અગ્નિ-૩નો સમાવેશ થાય છે.પૃથ્વી મિસાઈલ પણ ખુબ ઘાતક છે